# નરવું ને ગરવું હાસ્ય | વિનોદ ભટ્ટ

[**ભજ આનન્દમ્** : લેખક : રતિલાલ બોરીસાગર, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧, પ્ર.આ. ૨૦૦૭, પૃ. ૨૪+૧૮૮, કિંમત રૂ. ૧૩૦/-]

હાસ્ય અને વ્યંગ વચ્ચે જે પાયાનો ફરક છે તે એ છે કે હાસ્યના શિકાર યા આલંબન પર કટાક્ષકાર હસતો હોય છે ને પોતે હાસ્યપાત્ર કરતાં ઊંચા આસને બિરાજમાન છે એવું તે માનતો ને વાચકને મનાવતો હોય છે. જ્યારે હાસ્યકારનું વલણ લગભગ તો વિનોદ ખાતર વિનોદનું જ હોય છે. તેનામાં કશા સામે પુણ્યપ્રકોપ નથી હોતો કે નથી હોતો કોઈને સુધારી નાખવાનો ઉત્સાહ... એથી પણ આગળ જઈને હું તો માનું છું કે પોતાને જ 'ટાર્ગેટ' બનાવી ખુદ પર હસવું એ અતિકપરું કામ છે. કારણ એ જ કે માણસનો પોતાના વિશે ઘણો ઊંચો મત હોય છે ને કદાચ આ જગતમાં સૌથી વધારે સ્વયંને ચાહતો હોય છે. એટલે તો અન્ય માણસ પણ તેની મજાક-મશ્કરી કરે એ તે સાંખી શકતો નથી. તો પછી પોતાની જ ટીખળ કરી તેમાંથી હાસ્ય નિષ્પન્ન કરવું ઘણું જ દુષ્કર છે ને ! પોતાના અહમ્‌ને ઓગાળી ખુદને જ હાસ્યપાત્ર બનાવી તેના પર ખુલ્લાશથી હસી શકતો હોય એવો જણ અંગત રીતે મને વિશેષ ગમે છે. ઉ. ત. કચકડા પર ચાર્લી ચેપ્લિન અને કાગળ પર જ્યોતીન્દ્ર દવે.

જ્યોતીન્દ્ર-ઘરાનાના હાસ્યકાર રતિલાલ બોરીસાગરનો હાસ્ય- નિબંધોનો સંગ્રહ 'ભજ આનન્દમ્'' તાજેતરમાં પ્રકાશિત થયો છે, જેમાં નરવું ને ગરવું હાસ્ય પુસ્તકનાં પાને પાને છલકાતું જોઈ શકાય છે. 'મો-સમ કૌન કુટિલ ખલુ કામી' એવું કબીરજીએ કહ્યું છે, જ્યારે રતિલાલ બોરીસાગરે પોતાને અક્કલના અધૂરા, બાઘા, કોઈને ક્યારેય ના પાડી શકે નહીં એવા મનના મોળા, ફૉર્મલ એજ્યુકેશન મેળવ્યું હોવાને કારણે ભણેલા કહેવાય પણ જીવનની યુનિવર્સિટીના તદ્દન 'ઢ' વિદ્યાર્થી, માણસોમાં હોય છે એમાંની મોટા ભાગની નબળાઈઓ ધરાવતા ને એ કારણે થતી ગરબડોને છબરડાની ઘટનાઓ તેમણે આપણી સમક્ષ નિર્દોષ ચહેરે રજૂ કરી છે. કોઈ એક ધાર્મિક સંસ્થાને ડોનેશન આપવા માટે તે બેંકમાં જાય છે તો બેંકના કાઉન્ટર પર બેઠેલી બહેન તેમને કહી દે છે કે ડ્રાફ્ટ માટેનો બીજી બેંકનો ચેક અમે સ્વીકારતાં નથી. 'ભલે, તો આવતી કાલે હું રૂપિયા ૫૦ હજારની કેશ લઈને આવીશ... 'પાન પણ લેતા આવજો.' એ મહિલા બોલી, જે સાંભળીને આ ગભરુ લેખક ચમકી ગયા. કોઈ બહેન એક અજાણ્યા પુરુષ પાસે પાન મંગાવે એ તો આ સીધી લીટીના માણસ માટે આઘાતની ચરમ સીમા હતી. 'કેવું પાન ?' બહેન તમાકુવાળું પાન તો નહીં જ ખાતાં હોય એની પાકી શ્રદ્ધા હતી તોય આજે મને કેશ લેવા પાછો મોકલે છે એમ કાલે પાનમાં તમાકુ નખાવી લાવવા પાછો મોકલે એમ બની શકે એમ માની મેં પૂછી લીધું.

'કેવું પાન એટલે ?' આ પ્રશ્નથી હવે લેખક મૂંઝાયા. બોલ્યા : 'બહેન, તમે પાન લઈ આવવાનું કહ્યું એટલે...' આ સાંભળી એ બહેન જીવનમાં પહેલી જ વાર હસતી હોય એટલા જોરથી હસી પડી. બોરીસાગરની ઉંમર અને ચહેરા પર દેખાતા બાઘાપણાને લીધે તે મજાક કરી રહ્યાં નથી એની એને ખાતરી થઈ હશે, એટલે ગુસ્સે થવાને બદલે તે હસી પડી. બોલી : 'પાન એટલે ઇન્કમટૅક્સનો પરમેનન્ટ એકાઉન્ટ નંબર...'

'ઓહ !' બોરીસાગર છોભીલા પડી ગયા, પોતાના સ્વયંસિદ્ધ બાઘાપણા પર તેમને ખુદને પણ હસવું આવી ગયું.

આ સત્તર નિબંધોમાંથી પસાર થતાં મરક મરકથી માંડીને ખડખડાટ હસી પડાય છે, છતાં આ હાસ્ય ક્યાંય સસ્તું બનતું નથી કે સુરુચિને આંચ આવવા દેતું નથી. તેમની પ્રકૃતિ જેવું જ ઠાવકું, નિર્મળ અને નિર્દંશ હાસ્ય તે સર્જે છે. પોતાનાં વાણી-વર્તનથી કોઈને દુભાવવાનો તેમનો સ્વભાવ નથી, આને પરિણામે તેમની કલમમાંથી મધુર હાસ્ય નિષ્પન્ન થાય છે, કટાક્ષનો આશરો તે ભાગ્યે જ લે છે, એ તેમની 'લેન' જ નથી. ઉ.ત. 'નરસિંહ મહેતા જેવી જ કસોટીમાંથી હું અત્યારે પસાર થઈ રહ્યો હતો. માત્ર અમારી સમસ્યાની વિગતમાં ફેર હતો. નરસિંહ મહેતાને વેવાણે આપેલા દઝાડે એવા ઊના પાણીથી સ્નાન કરવાનું હતું ને મારે થિજાવી દે એવા ઠંડા પાણીથી. બિલકુલ રિવર્સ સિચ્યુએશન ! પણ નરસિંહ મહેતાને ભગવાન સાથેનાં – એસ.ટી.ડી., ફેક્સ, ઇન્ટરનેટ આદિ – સઘળાં જોડાણો સુલભ હતાં એટલે ભગવાને વરસાદ વરસાવીને ગરમ પાણીમાં જરૂરી ઠંડું પાણી ભેળવીને એમની સમસ્યા હલ કરી આપી હતી.'

'સરદાર વલ્લભભાઈએ શીશી સૂંઘાડ્યા વગર કાખબલાઈનું ઑપરેશન કરવા ડૉક્ટરને કહ્યું હતું અને એ રીતે ઑપરેશન કરાવ્યું પણ હતું તેમ એનેસ્થેશિયા વગર ઑપરેશન કરાવવાનો વિચાર પણ મને આવી ગયો. જુદા જુદા મહાપુરુષોનાં જીવનમાં બનેલી આવી ઘટનાઓ વિશે હું પહેલી વાર જાણું છું ત્યારે એ જ પ્રમાણે મારું જીવન ઘડવાનો વિચાર મને અવશ્ય આવે છે; પણ મહાપુરુષોની કીર્તિ ઝાંખી ન પડી જાય એવી ઉદાત્ત ભાવનાથી હું એ વિચારોનો અમલ કરવાનું માંડી વાળું છું. આજે પણ સરદારની કીર્તિ ઝાંખી ન પાડવાના શુભાશયથી એનેસ્થેશિયા વગર ઑપરેશન કરાવવાનો વિચાર મેં માંડી વાળ્યો.'

S

'મારાં હાસ્યરસનાં પુસ્તકો વિશે ગુજરાતની પ્રજા ઘણું ઓછું જાણે છે. મારાં પુસ્તકો ગુજરાતી સાહિત્યનાં ઉત્તમ પુસ્તકો છે એ હકીકત હું એકલો જ જાણું છું... અલબત્ત મારા સાહિત્ય વિશે મને જેટલો ઊંચો અભિપ્રાય છે એટલો બીજાઓને નથી તે પણ હું જાણું છું.'

'ભારતનો સૌથી ઊંચો જળધોધ કયો ?' એક સજ્જન જળધોધની જેમ જ મારા પર ખાબક્યા. મને થયું નાયગરાનો ધોધ ભારતમાં આવ્યો હશે તો મારો જવાબ સાચો પડશે, ને ભારતની બહાર આવ્યો હશે તો સંકુચિત રાષ્ટ્રભાવનાના સીમાડા ઓળંગી 'જય જગત'ની ભૂમિકા પર પહોંચેલો વિશ્વમાનવી છું એવું પરીક્ષકોને લાગશે અને આવા વિશાળ હૃદયનો માણસ જકાત-કારકુન હોવાને બદલે યુનોનો મહામંત્રી હોવો જોઈએ એવું પણ આ લોકોમાંથી કોઈને લાગે તો નવાઈ નહિ એવું માની મેં નાયગરાના ધોધનું નામ આપ્યું.'

S

'ચાલનારનું ભાગ્ય ચાલે છે' એવી મતલબનું એક મુક્તક અમારા શિક્ષકે બેઠાં બેઠાં સમજાવેલું.

'પ્રોબેશન હોય ત્યાં સુધી ડાહ્યાડમરા રહેતા કેટલાક કર્મચારીઓ કાયમી થયા પછી પોતાનું પોત પ્રકાશે છે તેમ પ્રારંભમાં નિરુપદ્રવી રહેલા ખરજવાએ ધીરે ધીરે પોતાનું પોત પ્રકાશવા માંડ્યું.'

હાસ્યના લસરકા તો અહીં પુસ્તકની શરૂઆતથી દેખાય છે. પુસ્તકનું અર્પણ પણ 'કેચી' છે. અર્પણમાં બોરીસાગર લખે છે :

અર્પણ

મને પોતાને

[મારા સમ, મને હું બહુ ગમું]

S

લેખકના બે બોલ પણ બે જ છે : (૧) આનંદ (૨) આભાર.... બાકી બર્નાર્ડ શૉ થતાં, નાટક કરતાં તેની લાં...બી પ્રસ્તાવના લખતાં, તેમને કોણ રોકી શકવાનું હતું !

S

આ સંગ્રહના બધા જ લેખો તંદુરસ્ત હાસ્યના આદર્શ નમૂનારૂપ છે ને વાચક આનંદલોકનો યાત્રી બની પોતાના પરિવાર સાથે માણી શકે એવા સુંદર, મઝાના થયા છે, પણ મને આ સંગ્રહમાં છેલ્લે મુકાયેલ લેખ 'સુદામાનો પેન્શન કેસ' વિશેષ ગમ્યો છે – આ લેખના કર્તા લેખે મારું નામ જોડવાનું મન થાય એટલો ફાંકડો થયો છે. એ લેખમાંથી એક ફકરો ઉતારી મારી વાત પૂરી કરીશ.

'સુદામાજી શ્રીકૃષ્ણને મળવા તાંદુલ લઈને ગયા પછી પોતાના કામ માટે સરકારી કચેરીમાં 'તાંદુલ' લઈ જવાની પ્રથા કળિયુગમાં અસ્તિત્વમાં આવી. કેટલાક સરકારી અધિકારીઓ પોતાની પાસે આવનાર સુદામાને ન ઓળખતા હોય એ બનવાજોગ છે, પણ 'તાંદુલ'ને તો ઓળખતા જ હોય છે.'